કી.ઈન્ક નં ૨૧/૨૦૨૬

<u>આંક ૧ હેઠળ હુકમ</u>

ફરીયાદીની ફરીયાદ ,ફરીયાદની એફીડેવિટ તથા ફરીયાદ સાથે રજુ થયેલ બેંકના દસ્તાવેજી પુરાવાઓ તથા લીગલ નોટીસ અને અન્ય દસ્તાવેજો વંચાણે લેતા આરોપી એ નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયેનો ગુનો કરેલ હોવાનુ પ્રથમદશનીય જણાય છે. તેમજ બી.એન.એસ.એસ. કલમ ૨૨૩ માં કરેલ જોગવાઈ અનુસાર આરોપીને સાંભળ્યા પછી કોગ્નીઝેબલ લેવાનુ જણાવામાં આવેલ છે પરંતુ **NI Act Spcial Act** હોય જેથી **Spcial Act** ની જોગવાઇ પ્રીવેલ થાય તેવુ કાયદાનુ મહત્વનુ સિધ્ધાત છે તેમજ નામદાર કનાટક હાઈકોટ દ્રારા "**Ashok S/o Siddappa Barcar v/s Fayaz Ahmad s/o Auragzab Naitar** " **Criminal Pattion No** 101514/2025 ના તા. ૨૮/૦૪/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ ધ્યાને લેતા આરોપી ને **NI Act** ની પ્રોસીડીગ માં કોગ્નીઝન્સ લેવાના સ્ટેજ પર સાંભળવો જરૂરી જણાય આવ તો નથી તેમજ આરોપી અત્રેની અદાલતના જયુસ્ડીકશન બહાર રહેતા હોય જેથી આ કેસના આરોપીના સરનામા બાબતે ઈન્કવાયરી માં રાખવામાં આવેલ ઈન્કવાયરી દરમ્યાન આરોપી ફરીયાદ વાળા સરનામે રહેતા હોય તેમજ તે જ સરનામે નોટીસ બજેલ હોવાનુ જણાઈ આવે છે. જેથી આરોપી વિરૂધ્ધ કોગ્નીઝન્સ લેવાનુ યોગ્ય જણાય આવે છે. વધુમાં સદર કામના ફરીયાદીએ પોતાના બેંકખાતા નંબર આઇ.એફ.એસ. કોડ જણાવવો તેમજ આરોપીનુ ઈ-મેઈલ એડ્રેસ (અગર ફરિયાદી પાસે હોય તો) જણાવવુ સદર ફરિયાદ ફોજદારી કેસ રજીસ્ટરે લઈ આરોપીને સમન્સ ઈશ્યુ કરવો. સમન્સ બજી આવવા મુદત તારીખ ૩૦/૦૩ /૨૦૨૬

તા. ૦૬/ ૦૩ / ૨૦૨૬ — જયુ.મે.જી.ફ.ક

મહુધા — મહુધા